
ઓક્ટોબર ૨૦૧૧ કિંમત ₹ ૧૫/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## દુઃખ છે જ ક્યાં ?



# દુઃખ છે જ ક્યાં ?

## સંપાદકીય

બાળમિત્રો,

આપણે એકવાર તપાસીએ તો ખરા કે બીજાનું જોઈને આપણે અત્યાર સુધી કેટલા દુઃખી થયા છીએ. બીજાનો નવો ડ્રેસ, નવી ગેમ્સ, નવા શૂઝ અને આવું જાતજાતનું જોઈને આપણે ન હોય ત્યાંથી દુઃખ ઊભું કરી દેતા હોઈએ છીએ અને મમ્મી-પપ્પા પાસે ફરિયાદોનો ઢગલો કરી એને માટે રડતાં હોઈએ છીએ. જાણે શુંય દુઃખના ડુંગર તૂટી પડ્યા હોય એ રીતે.

શું આનો દુઃખ કહેવાય ? શું આપણે ખરેખર દુઃખી છીએ ? પરમ પૂજ્ય દાદાશ્રી આ અંકમાં સાચું દુઃખ કોને કહેવાય અને ઊભા કરેલા દુઃખમાંથી બહાર કઈ સમજણથી નીકળાય એના સુંદર ફોડ પાડે છે.

તો ચાલો, આપણે પણ આ સમજણને જીવનમાં ઉતારીએ અને દુઃખમાંથી સુખ શોધી કાઢી સુખી અને સંતોષી જીવન જીવીએ.

- ડિમ્પલ મહેતા

## અનુક્રમણિકા


દાદાજી કહે છે...................... ૧
આ તો નવી જ વાત !............૨
પરીની ચાવી.......................૪
દુઃખને આમંત્રણ.............. ૭
ચાલો રમીએ......................૧૦
ઐતિહાસિક ગૌરવગાથાઓ....૧૨
મીઠી યાદે........................૧૪
બાળકો સાથે નીરુમા ............૧૫
તમારી જાતને ચકાસી જૂઓ ! મારી સમજણ......................૧૬
જન્માષ્ટમી અને રક્ષાબંધન હાઈલાઈટ્સ.......................૧૭


## અક્રમ એક્સપ્રેસ


તંત્રી તથા સંપાદક :
ડિમ્પલ મહેતા
વર્ષ : ૪, અંક : ૧
સળંગ અંક : ૩૭
સપ્ટેમ્બર ૨૦૧૧



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
અમદાવાદ: (૦૭૯)૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯
રાજકોટ ત્રિમંદિર : ૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
U.S.A.: ૭૮૫-૨૭૧-૦૮૬૯
U.K.: ૦૭૯૫૬૪૭૬૨૫૩
Website: kids.dadabhagwan.org



Printed, Published and Owned by :
Dimple Mehta on behalf of Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
Published at Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Printing Press:-
Amba Offset
Basement, Parshvanath Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક લવાજમ
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૭૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાજી કહે છે...

સંસારમાં ખરેખર દુ:ખ કોને કહેવાય ? નાક દબાવે તો પાંચ જ મિનિટમાં ગૂંગળામણ થઈ જાય, તે દુ:ખ કહેવાય. ભૂખ લાગી હોય ને ખાવા ના મળે, તરસ લાગે ને પાણી પીવાનું ના મળે, ઊંઘવા ના મળે, એથી આગળ કહેવું હોય તો સંડાસ જવા ના મળે, એવાં બધાં દુ:ખને ગણતરીમાં લેવાય.

આ તો વગર વિચારે ઠોકમઠોક કર્યું છે કે આ દુ:ખ છે, આ દુ:ખ છે ! દા.ત. તમારો મિત્ર નવી બહાર પડેલી ફિલ્મ જોઈ આવ્યો અને તમને ખબર પડી એટલે તમને મનમાં એમ થાય કે મેં હજી નથી જોઈ. હું રહી ગયો. તે આ દુ:ખ આવ્યું !!! આપણને દુ:ખ નહોતું પણ બીજાનું જોયું કે દુ:ખ આવ્યું ! એટલે આ બધાં દુ:ખો જાતે જ ઊભાં કરેલાં છે. સ્પર્ધામાં પડ્યા તેથી દુ:ખ !

જો સાચી સમજણ ફીટ કરે તો દુ:ખ જેવું છે જ નહીં. આ આપણો પગ પાક્યો હોય તો આપણે તપાસ



કરવાની કે મારા જેવું દુ:ખ લોકોને છે કે કેમ ? દવાખાનામાં જોઈ આવીએ ત્યારે ખબર પડે કે ઓહોહો ! મારું દુ:ખ તો કંઈ નથી.

ઊંધી સમજણ છે એટલે ઊંધું કરે, નહીં તો આ હિન્દુસ્તાનમાં કોઈ જગ્યાએ દુ:ખ નથી. ચાર વસ્તુઓ મળી હોય ને કકળાટ માંડે એ બધાં મૂર્ખ કહેવાય. આ દેહને મુખ્ય શેની જરૂર છે ? મુખ્ય તો હવાની. પછી ટાઈમે ખાવાનું મળે છે કે નથી મળતું ? ગમે તેવું પછી હોય, ઘીવાળું કે ઘી વગરનું, પણ મળે છે ને ? અને કપડાં મળે છે કે નથી મળતાં ? શર્ટ-પેન્ટ, શિયાળામાં ઠંડીમાં પહેરવાનાં કપડાં મળે છે કે નથી મળતાં ? રહેવા માટે ઘર છે કે નહીં ? આટલી ચાર વસ્તુ મળે ને પછી બૂમ પાડે તે બધાંને જેલમાં ઘાલી દેવાં જોઈએ ! આ ચાર-પાંચ વસ્તુ ના હોય તો આપણે જાણીએ કે આ ભઈને જરા અડચણ પડે છે.

કરોડ રૂપિયા આપે તોય આવી આંખ મળે ? ના મળે. અરે, આપણી પાસે આટલી કિંમતી વસ્તુઓ છે એની કિંમત સમજતો નથી.


મારું હિત શેમાં છે અને શેમાં નથી એની ખબર જ નથી. જેમાં ને તેમાં નકલો કરવામાં શૂરા થઈ ગયા છે ! અને પછી અદેખાઈ કરી દુ:ખ વહોરે છે. આ બધાં વહોરી લીધેલાં દુ:ખો છે. ખરેખર દુ:ખ જરાય નથી.

# આ તો નવી



૨૫ ટકા હતું, તેને તમે બોલ્યા કે 'મને આ દુઃખ થયું છે', એવું બોલ્યા કે એ ૧૦૦ ટકા થઈ ગયું ! પોતાનાં દુઃખોનું વર્ણન કરીને દુઃખોને ઊલટાં વધારી નાખે છે ! દા.ત. માથું દુઃખતું હોય અને તમે બોલો કે બહુ માથું દુઃખે છે તો એ દુઃખાવો ડબલ થઈ જાય.

આમ કમ્પેરિઝન (સરખામણી) કરવાથી દુઃખમાંથી સુખનું શોધન થઈ શકે તેમ છે ! દા.ત. દુનિયામાં કેટલાય બાળકો મા-બાપ વગરના, ઘર-બાર વગરના, બે ટંકના ભોજન વગરના, શિક્ષણ વગરના છે, જ્યારે આપણી પાસે આ બધું જ છે. આ જોઈને આપણે સંતોષ પામી સુખી થઈ શકીએ છીએ.



# જ વાત !

જો તમારે આ જગતમાંથી, આ દુઃખોમાંથી મુક્ત થવું હોય તો કોઈ તમને દુઃખ દે પણ તમારે સામે દુઃખ ના દેવું જોઈએ. દા.ત. કોઈ તમારી સાથે બોલે નહીં તો પણ તમારે એની સાથે પ્રેમથી જ વ્યવહાર કરવાનો.





તમે જ્યાં સુધી માનો છો કે હું આવો દુઃખી છું ત્યાં સુધી દુઃખ જાય નહીં. દા.ત. મને આઈસ્ક્રીમ ખાવા બોલાવ્યો નહીં, એનું દુઃખ લગાડીને બેસી જાય ત્યાં સુધી દુઃખ જશે નહીં. અને અંદર ચાલ્યા જ કરશે કે 'આ લોકો આવા જ છે, દર વખતે ભૂલી જ જાય છે, એમને મને લઈ જવો ગમતો જ નથી.' વગેરે.

# પરીની ચાવી

દરેક બાબતમાં અદિતિ પાસે ફરિયાદ હોય જ. અદિતિની નાની બહેન પંક્તિએ એનું નામ "કમ્પલેઈન ક્વીન" પાડ્યું હતું. અદિતિના મોઢા પર હાસ્ય જોવું એ પૂનમના ચાંદ કરતા પણ વધારે દુર્લભ હતું. ભણવાનું હોય કે જમવાનું હોય, અદિતિને પાણીમાંથી પોરા કાઢીને દુઃખી થવાની ટેવ જ પડી ગયેલી. આખો દહાડો એ 'ચેં, ચેં' કરીને દુઃખ ગા ગા કરતી.


'ટીચર કેટલું હોમવર્ક આપે છે? કેદીની જેમ મજૂરી કરાવે છે ! આ સ્કૂલ તો મને જેલ જેવી લાગે છે!" અદિતિ ભણતા ભણતા બબડતી હતી.

ચશ્મા એડજસ્ટ કરીને પંક્તિ બોલી, "તને ખબર છે અદિતિ, આ દુનિયામાં કેટલા લોકોને વાંચતા પણ નથી આવડતું? અમને ભણવામાં આવે છે કે દુનિયામાં લગભગ ૨ બિલિયન(અબજ) લોકો વાંચી નથી શકતા. તને આટલી સારી સ્કૂલમાં ભણવા મળે છે તો તેની તને જરાય કિંમત નથી. બસ બધી બાબતોમાં રડ્યા જ કરતી હોય છે."

અદિતિએ ફક્ક દઈને કહ્યું, "સારું, હવે તારી મોટી મોટી વાતો મારે નથી સાંભળવી."

દસ દિવસ પછી અદિતિની સ્કૂલમાં રાસ-ગરબાનો કાર્યક્રમ હતો. અદિતિએ પણ ભાગ લીધો હતો. રોજ સાંજના સ્કૂલ પછી બધી છોકરીઓ કાર્યક્રમ માટે પ્રેક્ટિસ કરતી. એક દિવસ પ્રેક્ટિસ કરતા કરતા અચાનક અદિતિના પગ નીચે કાંકરો આવી ગયો અને એ સ્લિપ થઈ ગઈ. એનો પગ મચકોડાઈ ગયો. એણે જોરથી ચીસ પાડી, "ઓ બાપ રે !" અદિતિને અસહ્ય વેદના થવા લાગી. બધાએ એને સાચવીને રીક્ષામાં બેસાડી અને નજીકના દવાખાને લઈ ગયા. ત્યાં ખબર પડી કે એનું હાડકુ ભાંગ્યું છે. એને દોઢ મહિનાનું પ્લાસ્ટર આવ્યું.






"મારી સાથે જ કેમ આવું થયું ? હવે હું કાર્યક્રમમાં ભાગ નહીં લઈ શકું." પ્લાસ્ટર સામે તાકીને અદિતિએ રડતા રડતા પંક્તિને કહ્યું. પંક્તિ એને કંઈક સમજાવવા જાય એ પહેલા તો અદિતિએ એની રડવાની રેકર્ડ ફરી ચાલુ કરી દીધી, "બધા રાસ ગરબામાં કેટલી મજા કરશે, હું રહી જઈશ ! મજા તો મારા નસીબમાં જ નથી. અને દુઃખાવો પણ કેટલો છે ! આજે તો હજી પહેલો જ દિવસ છે. દોઢ મહિનો આ પીડા સાથે કેવી રીતે નીકળશે ? પછી સ્કૂલે કેવી રીતે જઈશ ? દાદરા કેવી રીતે ઉતરીશ ?" રડી રડીને અદિતિની આંખો ઝીણી થઈ ગઈ હતી.

રાત્રે જમીને એ વહેલી સૂઈ ગઈ. થોડીક જ વારમાં એણે એક સુંદર પરીને સફેદ રથમાં આવતા જોઈ. પરીના મોઢા પરનું તેજ જોઈને અદિતિ ચકિત થઈ ગઈ. પરી રથમાંથી ઉતરી અને એની પાસે આવી. ખૂબ જ પ્રેમથી એણે પૂછ્યું, "બેટા, બહુ દુઃખી છે તું ? ચાલ, આજે હું તને એક એવી જગ્યાએ લઈ જઉં જ્યાં તું તારા દુઃખોની અદલાબદલી કરી શકે. બોલ, કરવી છે અદલાબદલી?"

અદિતિએ તરત જ 'હા' પાડી. એણે ધાર્યું હતું કે પરી એને કોઈ સુંદર નગરીમાં લઈ જશે. પણ પરીનો રથ તો એક હોસ્પિટલ આગળ આવીને ઊભો રહ્યો.

"અહીંયા ? અહીંયા દુઃખોની અદલાબદલી થાય છે ?" આશ્ચર્યથી અદિતિએ પૂછ્યું.

પરીએ હળવા સ્મિત સાથે જવાબ આપ્યો, "હા, કોઈ પણ રૂમમાં જઈને તું તારું દુઃખ અદલાબદલી કરી શકે છે, જા."

અદિતિ ધીરે ધીરે લંગડાતા પગે ચાલીને અંદર ગઈ. પહેલા રૂમમાં ડોકિયું કર્યું. એ રૂમનું દશ્ય જોઈને એનું હૃદય દ્રવી ઉઠ્યું. એને કંપારી છૂટી ગઈ. એ દાઝેલા લોકો માટેનો વોર્ડ હતો. ત્યાં લોકો ભયંકર દાઝેલી હાલતમાં હતા અને અસહ્ય વેદનામાં સળવળતા હતા. અદિતિ તરત જ બહાર આવી ગઈ. એના હૃદયના ધબકારા વધી ગયા.

થોડું આગળ ચાલીને બીજા રૂમમાં ગઈ. ત્યાં અમુક લોકો પગ ઊંચો બાંધીને સૂતા હતા. સૂઈ રહેવાને કારણે એમની પીઠ પર છાલા પડી ગયા હતા. અમુક લોકોએ અકસ્માતમાં હાથ-પગ ગુમાવ્યા હતા. આ બધું જોઈ અદિતિ હલી ગઈ. આમ એક પછી એક એ બધા વોર્ડમાં ફરી વળી. લોકોના દુઃખ અને પીડા એ જોઈ ન શકી.

એણે મનમાં વિચાર્યું, "કેટલા દુઃખી છે આ લોકો ! એમના દુઃખ આગળ મારું દુઃખ તો કંઈ જ નથી. આ પ્લાસ્ટરની પીડા તો કંઈ જ ના કહેવાય !" એ પરીનો આશય સમજી ગઈ.


બહાર આવીને એણે પરીને કહ્યું, "કોઈની સાથે મારું દુઃખ અદલાબદલી કરવા જેવું ના લાગ્યું. હવે મને સમજાઈ ગયું કે હું કેટલી સુખી છું ! કુદરતે મને કેવી સરસ સગવડો આપી છે એનું મને હવે ભાન થયું. લોકોનું દુઃખ જોઈને મારું દુઃખ તો એમ ને એમ જ ટળી ગયું. મને આનંદમાં રહેવાની ચાવી બતાડવા માટે આપનો ખૂબ ખૂબ આભાર."

"કોનો આભાર ? કેવું દુઃખ ? શાની ચાવી ? શું બબડે છે અદિતિ ?" પંક્તિએ એને ઢંઢોળતા પૂછ્યું.


અદિતિ એકદમ જાગી ગઈ. પરી તો અદશ્ય થઈ ગઈ, પણ આનંદમાં રહેવાની ચાવી અદિતિને આપતી ગઈ.




# દુઃખને આમંત્રણ




એક નાનકડા ગામડામાં ટીકુ નામનો ઉંદર ખૂબ સુખ-શાંતિથી એના પરિવાર સાથે રહેતો હતો. એને ખાધે-પીધે કોઈ વાતની તકલીફ નહોતી.
એક દિવસ, શહેરથી એનો મિત્ર મીકુ એને મળવા આવ્યો.
ગામડાંમાં ખાલી ઘઉં અને જુવાર જ ખાવા મળે? શહેરમાં તો અમને કેવું જાતજાતનું અને ભાતભાતનું સ્વાદિષ્ટ ખાવાનું મળે!
એમ! શું શું મળે? મને કહેને!
અરે, એમ પૂછ કે શું ના મળે ? શહેરમાં તો બધું જ મળે. એ તો તારે ત્યાં જોવા આવવું પડે.
મીકુના ગયા પછી ટીકુ ખૂબ દુઃખી રહેવા લાગ્યો...
શહેરમાં તો મીકુને જાહોજલાલી છે, અહીં ગામડામાં તો મને કોઈ જલસા કરવા નથી મળતા. આ તો કંઈ જીવન કહેવાય ? રોજ ઘઉં અને જુવાર જ ખાવાના ! આવું રોજ કોને ભાવે ?
મમ્મી, હું શહેર જઉં છું. મીકુ કેટલો સુખી છે ! મારે પણ સુખી થવું છે.
બેટા, એ ભલે સુખી હોય પણ તને ક્યાં દુઃખ છે ? તને રોજ શાંતિથી ખાવા-પીવાનું મળે છે. શું કરવા ખોટું દુઃખ વહોરે છે ?


પણ મીકુનું જોઈ જોઈને દુ:ખી થયેલા ટીકુએ મમ્મીની વાત ન માની. માથે દુ:ખનો ટોપલો અને આંખોમાં સુખની આશા લઈ ટીકુ શહેર ગયો.
મીકુ ટીકુને શહેરના ધનવાન શેઠના ઘરે લઈ ગયો.
આ જો, કાજુ-દ્રાક્ષ, છુંદા-અથાણાં, જે ખાવું હોય તે ખા.
વાહ દોસ્ત વાહ ! આવું સ્વાદિષ્ટ ખાવાનું તો મેં જિંદગીમાં જોયું નથી ને ચાખ્યું પણ નથી. તું ખરેખર નસીબદાર છે.
ધરાઈને ખાધા પછી..
દોસ્ત, તરસ લાગી છે. પાણી ક્યાં છે?
ત્યા તો અચાનક અવાજ સંભળાયો
'મિયાઉ...'
'મિયાઉ...'
ભાગ, ટીકુ... જલ્દી ભાગ...
ટીકુ ઊભી પૂંછડીએ ભાગ્યો...
આ શહેરની ખતરનાક ઉંદર ખાઉં બિલાડી છે. એકવાર એના સકંજામાં જે ઉંદર આવી ગયો એ સમજો પતી જ ગયો.


મીકુ અને ટીકુ એક દરમાં સંતાઈ ગયા.
મીકુ, ખૂબ જ તરસ લાગી છે. મારું ગળું સૂકાય છે. શું કરું ?
અત્યારે તો તું તરસને ભૂલી જ જા. જોતો નથી બિલાડી ત્યાં જ પહેરો લગાવીને બેઠી છે ! જાન ગુમાવવી છે કે શું ? ચલ, આપણે પાછલાં દરવાજેથી ભોંયરામાં જઈએ.
ભોંયરામાં ટીકુ એક ઢેબરાનો ટૂકડો અને નારંગી જોઈને એક ટીપું રસ માટે દોડ્યો..
પાંજરું ? એટલે ?
થોભી જા... આ તો પાંજરું છે!
જેવું તું ઢેબરું લેવા જઈશ એવું કંઈક ફટ્ટ દઈને તારા માથા પર પડશે અને બસ પછી તું ટપાઉં....
ખલ્લાસ !
એટલે મરી જવાય ?
આખી રાત ટીકુને ઊંઘ ન આવી. તરસથી એને ચક્કર આવવા લાગ્યા. એને ગામડાનું તળાવ દેખાવવા લાગ્યું.
ગામડે હું કેવું સુખ શાંતિથી રહેતો હતો ! અદેખાઈ કરી મેં જાતે જ દુ:ખ વહોર્યું. મને ક્યાં કોઈ દુ:ખ હતું જ? દુ:ખ તો ખરેખર અત્યારે છે. આટલી તરસ લાગી છે છતાંય પાણીનું એક ટીપુંય નથી મળી રહ્યું. ભયના કારણે તો મારી ઊંઘ જ ઊડી ગઈ છે.
બીજા દિવસે પરોઢિએ જ ટીકુ ગામડે પાછો જવા નીકળી ગયો. સાંજે એના પરિવાર સાથે રાજી રાજી જમવા બેઠો.
ભયમાં વાનગીઓ ખાવા કરતા તો શાંતિથી આ ઘઉં અને જુવાર ખાવામાં કેટલું સુખ છે ! ખરેખર આમાં દુ:ખ છે જ ક્યાં ?

# ચાલો રમીએ...

નીચે આપેલા છ
ચિત્રમાંથી કયા બે
સરખા છે તે શોધી કાઢો...




રસ્તો શોધો




## ૩

નીચે આપલ ચિત્રમાં કુલ કેટલા ડાઈનાસોર છે તે શોધી કાઢો.




## ૪

શું તમે પેનને કાગળ પરથી ઉપાડ્યા વગર આ બધા જ બિંદુને ૪ સીધી લીટીથી જોડી શકો છો ?




## ૫

નીચે આપેલા ચિત્રમાં જમણી બાજુ આપેલા ચિત્રો શોધી કાઢો.







# ઐતિહાસિક ગૌરવગાથાઓ

ત્રિપૃષ્ટ વાસુદેવ સુખેથી રાજવૈભવ માણતા હતા. એક દિવસ કેટલાક ગવૈયાઓ આવ્યા. તેઓએ વિવિધ રાગોથી મધુર ગાયન કરી, ત્રિપૃષ્ટ વાસુદેવનું હૃદય હરી લીધું. રાત્રિના સમયે આ ગવૈયાઓ પોતાનું મધુર ગાન ગાતા હતા. ત્રિપૃષ્ટ વાસુદેવે પોતાના સેવકને આજ્ઞા કરી કે, "જ્યારે મને નિદ્રા આવે ત્યારે ગવૈયાઓને ગાયન કરતા બંધ કરીને એમને વિદાય કરી દેજે." થોડી વારમાં ત્રિપૃષ્ટ વાસુદેવ સૂઈ ગયા. પણ સેવકે સંગીત સાંભળવાના લોભથી ગવૈયાઓનું સંગીત બંધ કરાવ્યું નહીં. આમ ગાયનમાં જ રાત્રિનો કેટલોક સમય પસાર થઈ ગયો. અચાનક ત્રિપૃષ્ટ વાસુદેવની નિદ્રા તૂટી ગઈ. ગાયકોનું ગાન હજી ચાલુ જ હતું. તે જોઈ એમણે સેવકને પૂછ્યું, "આ ગવૈયાઓને તે હજુ સુધી કેમ વિદાય કર્યા નથી?" સેવકે કહ્યું, "હે મહારાજ ! તેઓના ગાયનમાં હું મગ્ન થઈ ગયો હતો, જેથી આપનો હુકમ ભૂલી ગયો અને એમને વિદાય ન કરી શક્યો." આ સાંભળતાં જ રાજાને ક્રોધ આવ્યો. એમણે બીજા સેવકોને આજ્ઞા કરી, "ગાયનના શોખીન આ સેવકના કાનમાં ગરમ ગરમ સીસું રેડો. જે કાને મારી આજ્ઞા સાંભળવાને બદલે ગાયનો સાંભળવાનો અપરાધ કર્યો છે એ કાનનો જ દોષ છે."

રાજાની આજ્ઞા પ્રમાણે સેવકોએ પેલા સેવકના કાનમાં અતિશય ગરમ કરેલ સીસું રેડ્યું. આ ભયંકર વેદનાથી સેવક તરત જ મરણ પામ્યો.


"રાજાની આજ્ઞા પ્રમાણે સેવકોએ પેલા સેવકના કાનમાં અતિશય ગરમ કરેલ સીસું રેડ્યું."

> "તું કેમ બોલતો નથી ? તું કેમ મારું સાંભળતો નથી ? આ તારા કાનનાં છિદ્ર શું ફોગટના છે ? "

ભયંકર વેદના આપનાર રાજા સાથે એણે વેર બાંધ્યું. ત્રિપૃષ્ટ વાસુદેવ આયુષ્ય પૂર્ણ કરી નર્કે ગયા.

આ જ ત્રિપૃષ્ટ વાસુદેવનો આત્મા ઘણા અવતાર પછી ત્રિશલામાતાની કુખે ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીરૂપે જન્મ્યા. ત્યારે પેલા સેવકનો જીવ એ કાળમાં ગોવાળ થયો. એક દિવસ પ્રભુ મહાવીર ધ્યાનમાં ઊભા હતા. ગોવાળ ત્યાં પોતાની ગાયો ચરાવવા આવ્યો. ભગવાનને પોતાની ગાયો સાચવવાનું કહી એ કોઈ કામ માટે ગયો. ભગવાન તો ધ્યાનમાં હતા, તેથી ગાયોનું ધ્યાન ન રાખી શકે એ સ્વાભાવિક હતું. ગાયોનું કોઈ ધ્યાન રાખનાર ન હોવાથી ગાયો છૂટી પડી ગઈ. થોડી વારે ગોવાળ પાછો આવ્યો. પોતાની ગાયોને જોયા નહીં એટલે એણે પ્રભુને પૂછ્યું, "અરે દેવાર્ય ! મારી ગાયો ક્યાં?" ભગવાન તો ધ્યાનમાં સ્થિર હતા. કોઈ જવાબ ન મળતા ગોવાળ ક્રોધે ભરાયો. એ બોલ્યો, "તું કેમ બોલતો નથી ? તું કેમ મારું સાંભળતો નથી ? આ તારા કાનનાં છિદ્ર શું ફોગટના છે ?" આ પ્રમાણે કહેવા છતાં પણ પ્રભુ કંઈ બોલ્યા નહીં ત્યારે એણે અતિ ક્રોધે કરી, પ્રભુના બન્ને કાનમાં બરુ (લોખંડ જેવું અણીદાર ઘાસ) ઠોક્યા. કોઈ કાઢી શકે નહીં એ માટે એણે તેનો બહાર દેખાતો ભાગ કાપી નાખ્યો અને ચાલ્યો ગયો.

આમ ત્રિપૃષ્ટ વાસુદેવના ભવમાં કાનમાં ગરમ સીસું રેડેલ તે કર્મ પ્રભુના ભવમાં ભગવાનને આ રીતે કાનમાં બરુ ઠોકાયા એ રીતે ભોગવવું પડ્યું.



# મીઠી યાદેં

એકવાર યુ.એસ.એ.માં સત્સંગ દરમ્યાન એક ભાઈએ નીરુમાને પ્રશ્ન પૂછ્યો કે, "મારે એક પ્રશ્ન પૂછવો છે, પણ મને એમ થાય છે કે તમે અત્યારે ઉપર બેઠા છો તો મારે આવું ના પૂછવું જોઈએ." આ સાંભળીને તે જ ક્ષણે નીરુમા એમની સીટ પરથી નીચે જમીન પર બેસી ગયા. અને કહ્યું, "લો પૂછો હવે તમારે જે પૂછવું હોય તે." આ જોઈને પેલા ભાઈ સહિત બધા જ મહાત્માઓ ચકિત થઈ ગયા.

જોયું મિત્રો, જ્ઞાનીઓનો લઘુત્તમ ભાવ ! સામા માણસને જરાય સંકોચ ના થાય કે તમે મોટા છો ને મારાથી તમને ગમે તેવા પ્રશ્ન ના પૂછાય એ માટે ઘડીકમાં કેવા નાના થઈ જાય. !

---



કેનેડા ની વાત છે, નીરુમા ટોરેન્ટોમાં હતા. એક સવારે નાયગ્રા ફોલ્સ જવાનું નક્કી થયું. સવારના ચા-નાસ્તો કરીને નીકળવાનું હતું એટલે જેના ઘરે ઊતર્યા હતા એ મહાત્મા બહેન બધી તૈયારીમાં હતી. એમણે ગરમ ગરમ પુડા ઉતારી બધાને ખવડાવ્યા. બધાં નીકળવાના રઘવાટમાં હતા. એમણે તૈયાર થવાનું બાકી હતું. એમના બન્ને બાળકોનો નાસ્તો પણ બાકી હતો. ત્યાં તો નીરુમા રસોડામાં આવ્યા અને મહાત્મા બહેનને કહ્યું, "જા, તું તૈયાર થઈ જા." અને પછી નીરુમાએ એમના બન્ને બાળકોને કહ્યું, "ચાલ બેટા, તું ખાવા બેસી જા." અને ગરમ પુડા ઉતારીને નીરુમાએ એ બન્નેને ખવડાવ્યા. મહાત્મા બહેનનું તો નીરુમાની સરળતા સામે મસ્તક જ ઝૂકી ગયું.

જોયું મિત્રો, નીરુમા કેટલા સરળ હતા. આટલા મોટા જ્ઞાની હોવા છતા એમનું વાત્સલ્ય, એમનો પ્રેમ જોતા એવું જ લાગે કે જાણે આપણા જ ઘરની વ્યકિત હોય. એટલું અભેદતાથી નીરુમા રહેતા.

પ્રશ્નકર્તા : નીરુમા, મારી પ્રકૃતિ એ ટાઈપની છેને કે હું બહુ બધાને હેરાન કરું છું. એમાં મારે એવો કોઈને દુઃખી કરવાનો હેતુ ના હોય પણ મારી મસ્તીને લીધે મમ્મી-પપ્પા અને બધા દુઃખી થાય છે. એમાંય મારી મસ્તી વાળ ખેંચવાના, ચોટલા પકડવાના એવી બધી હોય એટલે પપ્પાને અને બહેનને એ જરાય ગમતું જ નથી. મમ્મી જોડે પણ આવી મસ્તી કરું. મસ્તી કરવાનું મન થઈ જાય એટલે પછી એમાં ઝઘડા થાય છે.

નીરુમા : એક કામ કર. તું એક મોટી ઢીંગલી રાખને, મોટા વાળવાળી. પછી એના વાળ ખેંચવાના. ઘડીએ ઘડીએ ઢીંગલીના વાળ ખેંચી આવવાનું.

પ્રશ્નકર્તા : એટલે શું કરવાનું ? મારી પ્રકૃતિ કેમ આવી છે કે જેથી બધા મારાથી દુઃખી થાય છે.

નીરુમા : આ તો ખરાબ આદત કહેવાય. કંટાળો આવે. રોજ રોજ કંઈ થોડું સારું લાગે ? મમ્મીના, બહેનના, બધાના ખેંચી આવું ?

પ્રશ્નકર્તા : એટલે એમ જ મસ્તી. હેરાન કરું બસ એમ.

નીરુમા : તારા કોઈ વાળ ખેંચે, તારી મસ્તી કરે તો તને ફાવે ?

પ્રશ્નકર્તા : ના ફાવે.

નીરુમા : ના ફાવેને ! તો પછી આપણે વિચારવાનું એમની જગ્યાએ હું હોઉં તો મને કેવું લાગે ?

પ્રશ્નકર્તા : બધું વિચારું પણ આમ કંટ્રોલ જ નથી રહેતો. બોરીંગ થયું એટલે મસ્તી કરવા ઉપડી જઉં.

નીરુમા : પણ બીજી પ્રવૃત્તિ ખોળી કાઢને. 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલ, દાદાની પદની, ભજનની સરસ બધી કેસેટ સાંભળવાનું કર. ચોપડી લઈ જા ને એ વાંચવાનું કર. પણ આનો તો કંઈ મતલબ જ નહીં ને ! સામાને દુઃખ થાય એવું તો કરાય જ નહીં આપણાથી. ગમે તે થાય પણ આપણાથી કોઈને દુઃખ ના થવું જોઈએ. ઘરનાને કે બહારનાને, કોઈને આપણાથી દુઃખ ના થવું જોઈએ. દુઃખ થાય તો આપણે અંદરથી તરત પશ્ચાતાપ કરવાનો, પ્રતિક્રમણ કરવાના. એટલે મમ્મી, બહેનના, બધાના પ્રતિક્રમણ કર કે આ ખોટું છે, મારી ભૂલ છે. એવો મનમાં પશ્ચાતાપ કરવા માંડ. તો પછી ઓટોમેટિક છૂટી જશે. મમ્મીની પાસે જઈને માફી માંગવાની.

# બાળકો સાથે નીરુમા



# તમારી જાતને ચકાસી જૂઓ !

**નીચે આપેલા શબ્દોને ચોકઠામાં યોગ્ય જગ્યાએ લખો.**

નકલ, સમજણ, ખબર, અદેખાઈ, ઊંઘ, તરસ, ઘર, ખાવાનું, દુ:ખ, અડચણ, સંસાર, કરોડ, કરે, ખરેખર, કપડાં




# મારી સમજણ



તમને અત્યાર સુધીમાં કઈ કઈ બાબતમાં ફરિયાદ ઊભી થઈ છે એનું લીસ્ટ બનાવો અને આ અંકમાંથી મળેલી કઈ સમજણ દ્વારા તમે તમારી ફરિયાદને કેવી રીતે ઉડાડશો એ લખો.

હવે તમારી પાસે કેટલી વસ્તુઓ છે એનું લીસ્ટ બનાવો અને એના માટે આભાર વ્યક્ત કરો.



કૃપા પારેખ , ઉંમર-૧૦
અડાલજ, ત્રિમંદિર

# ગયા અંકની કલમ "મારી સમજણ"નો પ્રતિભાવ

હું તે ઘરડા માજીને બેસવા દઈશ. કારણ કે તે આપણા વડીલ છે. તેનો વિનય રાખવો જોઈએ. એટલે હું તેમને કહીશ તમે બેસો. આટલી ગરદીમાં તમે ઊભા નહી રહી શકો અને તેમને બેસવા દઈ તેમનો વિનય રાખીશ

# જોક્સ



## ૧

સોનુ : બેવકૂફ કોને કહેવાય ?
મોનુ : મારી નજરમાં બેવકૂફ એ છે જે પોતાની વાત વિચિત્ર રીતે કહે અને એ માણસ જે વાત સાંભળે છે અને તેને વાત બિલકુલ સમજાતી નથી, કંઈ સમજાયુ ?
સોનુ : નહી.

## ૨

એક બાળક એક સફેદ અને એક કાળુ બૂટ પહેરીને શાળામાં આવી ગયો.
શિક્ષક : જા ઘરે જઈને આ બૂટ બદલી આવ.
બાળક : ઘરે જવાનો કોઈ ફાયદો નથી.
શિક્ષક : કેમ ?
બાળક : ઘરે પણ એક સફેદ અને એક કાળુ બૂટ જ પડ્યું છે.

## ૩

ડૉક્ટર : ગયા વખતે યાદશક્તિ માટે જે દવા લઈ ગયા હતા તેનાથી કંઈ ફેર પડ્યો ?
દર્દી : ના હજી સુધી તો નથી પડ્યો કારણ કે દવા લેવાનું જ ભૂલી જઉં છું.

## ૪




સોનુ : આ ટ્યુબલાઈટની સામે મોઢુ ફાડીને શું જોઈ રહ્યો છે ?
મોનુ : અરે યાર, ડૉક્ટરે મને ડિનરમાં લાઈટ ખાવાનું કહ્યું છે.

# પઝલના જવાબો

૫)



૪)




૨) જવાબ :- ૨અને ૬

૩) જવાબ :- ૧૨

'તમારી જાતને ચકાસી જૂઓ' નો જવાબ



Akram Express
September 2011
Year : 4, Issue : 1
Contl. Issue No.: 37

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/09-11
valid up to 31-12-2011
LPWP Licence No. CPMG/GJ/27/2009-2011
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

# પૂજ્યશ્રીના સાનિધ્યમાં સીમંધર સીટીમાં રક્ષાબંધન અને જન્માષ્ટમીની ઉલ્લાસભેર ઉજવણી



સ્વામીને રાખડી બાંધતા પૂજ્યશ્રી



પૂ. દાદાને રાખડી બાંધતા પૂજ્યશ્રી



શ્રી કૃષ્ણની મુદ્રામાં દર્શન આપી મહાત્માઓને આનંદિત કરાવતા પૂજ્યશ્રી



રાત્રે ૧૨ વાગે મટકી ફોડતા પૂજ્યશ્રી



યોગેશ્વર કૃષ્ણને ભક્તિથી ભેટતા પૂજ્યશ્રી

<u>અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સુચના</u>

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##**.

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press Amba offset:- Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.